# તલોદમાં વારંવાર વિજ પુરવઠો ખોરવાઈ જતા વિજ ધારકો પરેશાન

## કંટ્રોલરનો સતત ફોન વ્યસ્ત રહેતા કમ્પલેનરોમાં રોષ

તલોદ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના તલોદમથક રાજ્યમાં વેપારીક્ષેત્રે ઉચ્ચ સ્થાન ધરાવે છે. નાના-મોટા વહેપારીઓથી માંડીને ઉચ્ચકક્ષાની ઈન્ડસ્ટ્રીઝો ધમધમી ઉઠી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી વારંવાર વિજપુરવઠો કલાકો ખોરવાઈ જતા વિજગ્રાહકો પરેશાની ભોગવી રહ્યા છે. વિજ ચાલુ કરાવવા સતત કંટ્રોલરનો સંપર્ક કરતાં ફોન વ્યસ્ત રહે છે. અને વાયરમેનો ચા-નાસ્તા માટે ભેગા મળી ગપાટા મારતા હોય છે. જેથી કમ્પલેનરોની નારજગી યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓની આવી વહિવટી કામગીરીથી રોષ વ્યક્ત કરી રહ્યાં છે.

તલોદમાં વિજ પુરવઠો વારંવાર ખોરવાઈ જતા વહેપારીવર્ગ ઈન્ડસ્ટ્રીયલ અને રહેણાંક વિસ્તાર આવી કાળઝાર ગરમીમાં અસહ્ય પરેશાની ભોગવી રહ્યા છે અને લાખ્ખો રૂપિયાનું નુકશાન ભોગવી રહ્યા છે. વિજ પુરવઠો આજના યુગમાં હૃદય સમાન છે, પરંતુ વિજ કર્મચારીઓ દ્વારા પુરતી સર્વિસ સેવા ન મળતા ગ્રાહકોમાં નારાજગી જોવા મળી છે. જ્યારે કંટ્રોલરો વિજ ખોરવાઈ જતા ફોન બાજુમાં મુકી ગપ્પા મારતા જોવા મળી રહ્યા છે. ગ્રાહકોએ રૂબરૂ પુછતાછ કરતાં લાંબા સમય સુધી વિજ બંધ રહેશે તેવો આડેધડ પ્રત્યુતર ગ્રાહકોને આપતા હોય છે.

વિજ પુરવઠો મોટાભાગે સાંજના સમયે બંધ થઈ જતા ગ્રાહકો વિજ અધિકારીઓને સિધો ફોન કરતા હોય છે. ત્યારે કોઈ જ વાયરમેન નહી મળે તેવુ કહી વિજ વપરાશકારોની લાગણી દુભાઈ છે. મોડી રાત્રી સુધી વિજપુરવઠો ચાલુ ન થતાં વિજધારકો જાહેર માર્ગ પર સમય વ્યતિત કરતાં હોય છે. અને વિજ વહિવટ ખામીયુકતાની ચર્ચાઓ થતી હોય છે. સપ્તાહમાં એક દિવસ મંગળવાર વિજપુરવઠો બંધ જાહેર કરાયો છે. પરંતુ ચાર થી પાંચ દિવસ કલાકો વિજપુરવઠો ખોરવાઈ જતા વિજગ્રાહકો આડેધડ કામગીરીથી ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. અને સત્વરે વિજ સમયસર મળી રહે તેવુ ઉગ્ર માગ ધારકો કરી રહ્યા છે.

### પ્રાંતિજના કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરે તેરસની ધામધૂમથી ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના તપોધન ફળીયામાં આવેલ શ્રી કાશી વિશ્વનાથ મહાદેવ મંદિરના પટાંગણમાં તેરસની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાવલ સમાજના ભાઈ - બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

પ્રાંતિજ તપોધન ફળીયામાં આવેલા કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર ખાતે દર વર્ષની જેમ આ વર્ષે પણ દાદાના તેરસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ્રાંતિજ ખાતે રહેતા અને પ્રાંતિજમાંથી બહાર નોકરી ધંધા અર્થે ગયેલા રાવલ સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં આવી પહોંચ્યા હતા અને દાદાના દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી. જ્યારે આ વર્ષે ભોજનની (પ્રસાદ)ની વ્યવસ્થા રાવલ શંભુભાઈ સોમેશ્વરભાઈ રેલવે સ્ટેશનવાળા દ્વારા કરવામાં આવી હતી.




### ભિલોડાં દેનાબેંકના એ.ટી.એમ.માં લાગી ગ્રાહકોની લાંબી લાઈનો

અરવલ્લી જીલ્લાના ભિલોડાની દેના બેંકના એ.ટી.એમ.માં છેલ્લા કેટલાય સમયથી ગ્રાહકોની લાંબી લાઈનો લાગે છે. લગ્નસરાની સીઝન પુરબહાર ચાલી રહી છે ત્યારે વતનમાં આવી લગ્નની ખરીદી વિગેરે કામે આવતા ગ્રાહકો ભારે મુસીબતમાં મુકાયા છે. દેના બેંક સિવાયની બીજી બેંકોના એ.ટી.એમ. પણ બંધ હોઈ ગ્રાહકો દેના બેંક તરફ આવે છે ત્યારે દેનાબેંકના પણ એ.ટી.એમ.કોઈપણ ટેકનીકલ ખામીને કારણે બંધ પડે છે તે ઉપરાંત દેનાબેંકમાં પણ નહીવત સ્ટાફ ઘણા સમયથી ચાલી રહ્યો છે ત્યારે સહન કરવાનું તો ગ્રાહકોને જ આવે છે. ૧૧:૦૦ વાગ્યે આવેલ ગ્રાહકને ૧:૦૦ વાગ્યે નાણાં મળ્યાનું કહેવાય છે. દેનાબેંકના એ.ટી.એમ.માં છેલ્લા કેટલાક સમયથી લગાવેલ એ.સી.પણ બંધ છે. ઉનાળાની કાળઝાળ ગરમીમાં ગ્રાહકો પરસેવે રેબઝેબ થાય છે. ભિલોડામાં પ્રથમ નંબરની ગણાતી દેનાબેંકમાં સુવિધાઓ ગ્રાહકોને નહી મળે તો ગ્રાહકો દેનાબેંકના એકાઉન્ટ બંધ કરાવવાનું વિચારી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

### બાંડીયાના તળાવમાં અદાવત રાખી જાનથી મારી નાખવાની ધમકી

ખેડબ્રહ્મા તાલુકાના બાંડીયાના તળાવમાં એક યુવકના મોત અંગે અદાવત રાખી જાનથી મારી નાંખવાની ધમકી આપવા સંદર્ભે ચાર ઈસમો વિરુદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવા પામી છે. આ અંગે મળેલ વિગતો અનુસાર ખેડબ્રહ્મા તાલુકાના બાંડીયાના તળાવ ગામે ગમાર રમેશભાઈ વાઘાભાઈ ગમારના પુત્ર પ્રતાપભાઈનું અવસાન થયું હતું. પ્રતાપભાઈના મોત અંગે રમેશભાઈ ખમાર બાંડીયાના તળાવના જવાનાભાઈ સુનાભાઈ ગમાર ઉપર વહેમ અને શંકા રાખતા હતા અને તેની અદાવત રાખી રવિવારે ચાર વાગ્યાના સુમારે રમેશભાઈ અને બીજા ત્રણ વ્યક્તિઓએ બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે જવાનાભાઈ સુનાભાઈ ગમારે બાંડીયાના તળાવના રમેશભાઈ વાઘાભાઈ ગમાર, વાઘાભાઈ જીવાભાઈ ગમાર, જયેશભાઈ રમેશભાઈ તથા ચંદુભાઈ ગોપીભાઈ ગમાર વિરુદ્ધ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.



મોડાસાની સરસ્વતી અભિયાન કેન્દ્ર અને શબ્દસેતુ સંસ્થા દ્વારા શહેરમાં ઘરે ઘરે ફરીને પુસ્તકો દાનમાં મેળવવાનો પુસ્તક પરબ જેવો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની શરૂઆત આર.ટી.ઓ. ઓફિસથી કરવામાં આવી હતી. ત્યારબાદ માણેકબાનગર, વિદ્યાકુંજ અને રામપાર્ક સોસાયટીમાં હાથલારી લઈને સંસ્થાના સભ્યો દ્વારા પુસ્તકો માંગવામાં આવ્યા હતા. આ પુસ્તકો જરૂરીયાતમંદોને આપવામાં આવશે. આ પ્રસંગે દાઉદભાઈ જેથરા, નિલેશ જોષી, અરવિંદ ગજ્જર, ધર્મેન્દ્ર ત્રિવેદી, ઉસ્માનગની બાપડીયા, ડૉ. સંતોષ દેવકર, રાકેશ પટેલ સહિત કાર્યકરોએ જહેમત ઉઠાવી હતી. (તસવીર : જિતેન્દ્ર પટેલ, ધનસુરા)

## ઉમરેઠ ના. કોર્ટે આરોપીઓને આઠ માસની સજા ફટકારતા ચકચાર

### જાહેરનામાના ભંગ કરવા બદલ વધુ એક માસની સજા

ઉમરેઠ તા. ૧૨

ઉમરેઠની ના. કોર્ટે આજે દિવાલ તોડવાના ગુનામાં આ કેસના આરોપીઓને આઠ માસની સાદી કેદની સજાનો તથા જાહેરનામાનો ભંગ કરવા બદલ વધુ એક માસની એમ કુલ નવ માસની સજા ફટકારતા કાયદો હાથમાં લઈ સમાજમાં પૈસા અને તાકાતના જોરે ભય ફેલાવતા તત્વોમાં સોંપો પડી ગયો હતો,સમાજમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે કાયદાની જોગવાઈઓની અવહેલના કરી કેટલાક માથાભારે તત્વો કાયદો હાથમાં લઈ સમાજમાં ભય ફેલાવી રહયા હોય તેવા સમયમાં વિસ્તારના સભ્ય સમાજના લોકો આ ચુકાદાની ભારોભાર પ્રશંસા કરતા સાંભળવા મળ્યા હતા.

આ અંગે સૂત્રો ધ્વારા મળેલ જાણકારી મુજબ ઉમરેઠ તાલુકાના સુંદલપુરા મુકામે આવેલ વાડીમાં પ્રવિણભાઈ પરસોત્તમભાઈ પટેલે દિવાલ બનાવી હતી. જે દિવાલ આ કામના આરોપીઓએ તોડી નાખી ફરીઆદીને બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપ્યા બાબતનો કેસ અત્રેની કોર્ટમાં ચાલી જતાં ઉમરેઠ કોર્ટના વિધ્વાન એડી. સિવીલ જજ શ્રી પી.ડી.મોદીએ આ કામના આરોપીઓ રમણભાઈ પરસોત્તમભાઈ, કમલેશ પરસોત્તમભાઈ, રાજેશ પરસોત્તમભાઈ તથા જશભાઈ ફુલાભાઈ પરમારના ઓને સી.આર. પી. સીની કલમ ૨૪૮(૨) અન્વયે ભારતીય દંડ સહિતાની કલમ ૪૨૭, ૧૧૪ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ તકસીરવાન ઠરાવીને તમામ આરોપીઓને આઠ માસની સાદી કેદની સજા તથા રૂા. ૧૦૦૦ નો દંડ તથા બી.પી.એકટની કલમ ૧૩૫ મુજબ સજાના પાત્રના ગુના સબબ આરોપીઓને વધુ એક માસની એમ કુલ નવ માસની સાદી કેદની સજા ફટકારતા કોર્ટ સંકુલમાં સોંપો પડી ગયો હતો.

### લક્ષ્મીપુરા ગામ પાસે માર્ગ અકસ્માતમાં યુવાનનું મોત

ખેડબ્રહ્મા, તા. ૧૨

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરાની સીમમાં એક અજાણ્યો ટ્રક ડ્રાઈવરે મોટર સાઈકલને ટક્કર મારતા એક યુવકનું મોત નિપજવા તથા બે વ્યક્તિઓને ઈજા થવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ખેડબ્રહ્મા તાલુકાના લક્ષ્મીપુરા ગામના ચિરાગભાઈ બાલકૃષ્ણ રાવલ (ઉ.૩૬) તથા તેમની પત્ની જેતલબેન (ઉ.૩૩) તથા પુત્રી તનવી (ઉ.૧૪) મોટર સાઈકલ નંબર એમ.એચ. ૧૪-ઓએલ-૪૬૫૯ ઉપર રવિવારે રાત્રે સાડા આઠ વાગ્યાના સુમારે લક્ષ્મીપુરાથી ખેડબ્રહ્મા આવતા હતા. દરમિયાન લક્ષ્મીપુરા ગલોડીયા વચ્ચે એક અજાણ્યા ટ્રક ડ્રાઈવરે મોટર સાઈકલને ટક્કર મારતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ચિરાગભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે હિંમતનગર ખસેડતા રસ્તામાં મોત નિપજ્યું હતું.

આ અંગે મૃતકના પિતા લાલકૃષ્ણ હરીશંકર રાવલે અજાણ્યા ટ્રક ડ્રાઈવર વિરુદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## વહીવટીતંત્રની સીધી સૂચનાએ સમગ્ર અંબાજી સી.સી. કેમેરાથી સજ્જ

અંબાજી, તા. ૧૨

આજે દિન પ્રતિદિન વધતી જતી ગુનાખોરીને અટકાવવા માટે સી.સી. ટીવી કેમેરા ખુબ જ લાભદાયક નીવડ્યા છે. આજે ગુજરાતના દરેક વેપારીઓ, ઉદ્યોગપતિઓ, હોટેલ માલિકો તેમજ નાનામાં નાના દરેક માણસો સીસી ટીવી કેમેરા વિશે જાણે છે. તેમજ તેની ઉપયોગીતાથી પણ અજાણ નથી. ત્યારે ગુજરાતના મહત્વના અને ૫૧ શક્તિપીઠ પૈકીના એક એવા અંબાજી મંદિરના સુરક્ષા કાજે જિલ્લા પોલીસ વડાની સીધી સુચનાએ તમામ સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓ, હોટલો, ગેસ્ટ હાઉસ વિગેરેમાં સી.સી. કેમેરા લગાવવામાં આવેલ છે.

બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે તમામ પબ્લિક પ્લેસ જગ્યાઓએ સીસી ટીવી કેમેરા ફરજીયાત લગાવવાના આદેશનો અમલ કરાયો છે. રાજ્ય સરકારની સુરક્ષા લગતી કામગીરી અસરકારક બને તે માટે સરકારની સીધી સુચનાએ જિલ્લા વહીવટી તંત્રે ફોજદારી કાર્યરીતી અધિનીયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મળેલી સત્તા અન્વયે બનાસકાંઠા જિલ્લામાં શહેર/ગ્રામ્ય/ હાઈવે ઉપર આવેલા તમામ લોજીંગ, બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, રીસોર્ટ, પેટ્રોલપંપ, બેંકો, એ.ટી.એમ. સેન્ટર, સિનેમાઘર, શોપીંગ મોલો, આંગડીયા પેઢી, સાયબર કાફે તથા સોની વેપારીઓની દુકાનોમાં જે તે સ્થળની મેઈન એન્ટ્રી પોઈન્ટ, અંદરના ભાગે તેમજ જાહેર રસ્તાની બન્ને બાજુ કવર કરી શકે તેવા (નાઈટ વિઝન તથા હાઈડેફીનેશન) વિથ રેકોર્ડિંગ સીસ્ટમ સાથેના ૧૫ દિવસ સુધી રેકોર્ડીંગ રહે તેવી વ્યવસ્થા સાથેના સી.સી. ટી.વી. કેમેરા ફરજીયાત લગાડવા હૂકમ ફરમાવેલ છે. આ હુકમની અમલવારી ફરજીયાત કરવાની હોઈ મોટાભાગના શહેરોમાં હાલ આ કામગીરી ગતિમાં છે ત્યારે પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજીમાં સુરક્ષા કારણોસર સી.સી. ટીવી કેમેરા નિવાસી હોટલો, ગેસ્ટ હાઉસ, બોર્ડિંગ કે લોજમાં વિગેરે તમામ પબ્લિક પ્લેસમાં સીસી ટીવી કેમેરા લગાવવામાં આવેલ છે. અંબાજી મંદિર ટ્રસ્ટ જે.પી. બ્રહ્મભટ્ટ વહીવટદારે સુરક્ષા લગતી આ કામગીરીને આવકારી છે.

અંબાજીમાં સરકારની સીધી સૂચનાએ સીસી ટીવી કેમેરાને લગતી કામગીરી પૂર્ણતાએ પહોંચેલ છે. જેને સ્થાનિક હોટલો અને ધર્મશાળાના લોકોએ પણ આવકારી છે, આ પગલાથી ગુનેગારી અટકશે તેવો તેમને આશાવાદ સેવેલ છે અને હુકમનો અનાદર કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે તેવું બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા અશોક યાદવે જણાવ્યું છે.

### ડીસાના બળદેવભાઈ રાયકા મહાભારત પ્રશ્નોત્તરી હરીફાઈમાં ત્રીજા સ્થાને

વિશ્વ સંવાદ કેન્દ્ર ગુજરાતના માધ્યમથી સંકલન શ્રેણી મહાભારતી પ્રશ્નોત્તરી હરીફાઈ યોજવામાં આવી હતી. તેમાં ગુજરાતમાંથી હજારો લોકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં ડીસાના



બળદેવભાઈ રાયકાએ પ્રશ્નોત્તરીમાં મહાભારત વિશે પુછવામાં આવેલ ભારતીય સંસ્કૃત અને ધાર્મિક મહાભારત વિશેના ૨૦ પ્રશ્નોના તમામે તમામ સાચા જવાબો આપી ત્રીજુ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. જેથી તેમને ધાર્મિક એવોર્ડ એનાયત કરાયો હતો. વિજેતાને વિશ્વ સંવાદ કેન્દ્ર ગુજરાતનું પ્રમાણપત્ર તેની સાથે અભિનંદન પત્ર અને એક ભારતીય સંસ્કૃતિને લગતું પુસ્તક ઈનામ સ્વરૂપે એનાયત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બળદેવભાઈ રાયકાએ જણાવ્યું હતું કે લોકોએ ધાર્મિક ગ્રંથ, પુસ્તકો, લઘુપુસ્તિકા વગેરેનું ખુબ જ વાંચન રાખવું જોઈએ.

## ઈન્ટરનેશનલ નર્સ-ડે પ્રસંગે નર્સો માટે કાર્યક્રમો યોજાયા

### અખિલ ભારતીય કાર્યક્રમમાં ૩૦૦૦થી વધુ નર્સને જરૂરી માર્ગદર્શન અપાયું : દેશમાં હજુય મોટાપાયે નર્સની જરૂર

અમદાવાદ, તા.૧૨

કોઈ પણ હેલ્થકેર સિસ્ટમનાં કેન્દ્રમાં નર્સ હોય છે, જે હોસ્પિટલમાં દર્દીના રોકાણ દરમિયાન ઉચ્ચ સ્તરીય ક્લીનીકલ અને નોન-ક્લીનીકલ ફરજ બજાવે છે. તેથી જ નર્સ અને પેરા-મેડીકલ સ્ટાફનું લેટેસ્ટ ટ્રેન્ડ અને શ્રેષ્ઠ હેલ્થકેર પ્રેક્ટીસીસથી સશક્તિકરણ કરાય એ ખૂબ જરૂરી છે. આ વિચારના ભાગરૂપે નેવો નોર્ડિસ્કે સ્ટર્લિંગ હોસ્પિટલ સહયોગમાં ઈન્ટરનેશનલ નર્સ ડે પ્રસંગે નર્સીસને શિક્ષીત કરવા અનોખા કાર્યક્રમ આયોજન કર્યું હતું. આ પ્રોગ્રામમાં નિષ્ણાંતો / કન્સલ્ટન્સની ટીમ દ્વારા ડાયાબીટીસ શિક્ષણ, ઈન્સ્યુલીન વપરાશ અને ડિવાઈ ડેમોન્સ્ટ્રેશન પર કાઉન્સેલિંગ અને ટ્રેઈનીંગ સેશનનો સમાવેશ થાય છે.

ભારતભરમાં ૬૦થી વધુ કોર્પોરેટ હોસ્પિટલ્સને આવરી લેવાયેલા આ અખીલ ભારતીય કાર્યક્રમમાં ૩૦૦૦ નર્સીસને ડાયાબીટીસ ધરાવતા દર્દીઓને તેમની સ્થિતિ વધુ સારી રીતે સમજવામાં મદદ કરવા અને તેમની મનોસામાજિક જરૂરીયાતોનું મુલ્યાંકન કરવા માટે શિક્ષીત કરવામાં આવી હતી. નોવો નોર્ડિસ્ક દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસ ડાયાબીટીસ એડીટ્યુટ વીશીશ એન્ડ નીડસમાં એવું બહાર આવ્યું હતું કે, એચપીસીના બે તૃતીયાંશથી વધુ સંમત થયા હતા કે વધુ ક્વોલિફાઈડ નર્સ-એજ્યુકેટર્સ અથવા સ્પેશીયલીસ્ટ ડાયાબીટીસ નર્સીસની જરૂર છે અને ડાયાબીટીસ મેનેજમેન્ટ ટીમની અંદર વધુ સારાં કમ્યુનિકેશનની જરૂર છે. દસ એચસીપીમાંથી ઓછામાં ઓછા આઠ માને છે કે અસરકારક કમ્યુનિકેશન અને બિહેવિયર ચેન્જને કઈ રીતે હાથ ધરવું તેની ઔપચારિક તાલીમ હવે જરૂર છે. આ એટલા માટે કે ભારતમાં, નર્સીસને ડાયાબીટીસના દર્દી સાથે કઈ રીતે વર્તવું કે વહેવાર કરવો એ અંગે પૂરતી તાલીમ અને શિક્ષણ આપવામાં આવતી નથી. નર્સોએ દર્દીઓ સાથે વધુ સમય પસાર કરવો જોઈએ, તેમને ડાયાબીટીસ કેર અંગે શિક્ષીત કરવા જોઈએ અને દર્દીને સારી રીતે જાણવા જોઈએ જેથી તેઓ દર્દીના સાયકોલોજીકલ મુદ્દાઓ પર વધુ સારી રીતે ધ્યાન કેન્દ્રીત કરી શકે અને તેમને યોગ્ય બ્લડ ગ્લુકોઝ લેવલ જાળવી રાખવા શિસ્તબધ્ધ જીવનનું મહત્વ સમજવામાં મદદ કરી શકે. કાર્યક્રમ દરમિયાન, સ્ટર્લિંગ હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે, કોઈપણ દર્દી માટે હોસ્પિટલના સંપર્કનો પ્રથમ સેતુ નર્સને સતત શિક્ષીત કરવી ખૂબ મહત્વનું છે. આવા શિક્ષણ કાર્યક્રમો તેમનું જ્ઞાન વધારે છે, જે આગળ જતાં તેમને હોસ્પિટલમાં દર્દીઓની લેવામાં આવતી આરોગ્યસંભાળની ગુણવત્તામાં સુધારો કરવામાં મદદ કરશે. આંતરરાષ્ટ્રીય નર્સ ડેનાં પ્રસંગે અમે તેમના પ્રદાનનું સન્માન કર્યું છે એટલું જ નહીં, પણ ડાયાબીટીસ કેર અને મેનેજમેન્ટ અંગે તેમને શિક્ષીત કરવા એક છત્ર હેઠળ લાવ્યા છીએ. નોવો નોર્ડિક્સ ઈન્ડિયાના એમડી મેલ્વિન ડીસોઝાએ જણાવ્યું હતું કે, ધ રૂલ ઓફ હાવ્સ કહે છે કે ડાયાબીટીસનું નિદાન થયું હોય તેમાંથી અડધાની જ યોગ્ય કાળજી લેવાય છે અને તેમાંથી પણ અડધા દર્દી પોતાની ટ્રીટમેન્ટનાં લક્ષ્ય હાંસલ કરે છે. ભારત દેશમાં ડાયાબીટીસને કાબુમાં રાખવો અત્યંત જટિલ છે.

### પ્રિ-મોન્સુન એક્શન પ્લાનની કામગીરી શરૂ કરવા માંગણી

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરમાં ચોમાસા દરમ્યાન પ્રજાને પડતી મુશ્કેલીઓ તેમજ તેમની ફરિયાદોના નિકાલ માટે પ્રિ-મોન્સુન એક્શન પ્લાન દર વર્ષે તૈયાર કરવામાં આવે છે પરંતુ તેનું કોઈ અસરકારક પરિણામ ન મળતું હોવાથી પ્રિ-મોન્સુન એક્શન પ્લાન કાગળ પર જ રહ્યો છે અથવા તો નિષ્ફળ જાય છે તેવું વિરોધપક્ષના નેતા બદરૂદ્દીન શેખે જણાવ્યું હતું. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે એક માસ પછી ચોમાસાની સિઝન શરૂ થનાર હોઈ આ બાબતે ગંભીરતાથી લઈ તાકીદે શરૂ કરવી જોઈએ. બીઆરટીએસ રૂટ રોડથી બે થી અઢી ફુટ ઉંચો હોવાથી તે વિસ્તારમાં આવેલી ચાલીઓમાં વરસાદી પાણી ભરાઈ જતાં મુશ્કેલી ઉભી થાય છે.

## થલતેજ પાસે યુવતીના બેફામ ડ્રાઈવીંગે એકનો જીવ લેતા ચકચાર

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ શહેરના થલતેજ વિસ્તારમાં સુપર મોલ પાસે ગઈકાલે મોડીરાત્રે એક કારચાલક મહિલાએ એક યુવકને અડફેટે લીધો હતો. યુવકનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજ્યું હતું. આ સમગ્ર મામલે સોલા પોલીસે કારચાલક મહિલાની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત અનુસાર, ગઈકાલે મોડીરાત્રે વિસ્મય શાહ વાળી થતાં-થતાં રહી ગઈ હોય તેવું લાગી રહ્યું છે.

શહેરના થલતેજ પાસે આવેલ સુપર મોલ પુરપાટ ઝડપે કાર હંકારી રહી હતી ત્યારે તેણે કિરીટભાઈ માધુભાઈ પટેલ (ઉ. ૪૬) નામના રાહદારી યુવકને અટફેટે લેતા તેમનું ઘટનાસ્થળે પર કરૂણ મોત થયું હતું. ત્યારબાદ કાર નજીકની એક ભીંતમાં ઘુસી ગઈ હતી. કિરીટભાઈના મોતના પગલે આસપાસના રહીશો ભેગા થઈને કિરણ અને તેની સાથે કારમાં સવાર પ્રતિકને માર માર્યો હતો. આ સમયે પરિસ્થિતિ વધુ બેકાબુ ન બને તે માટે થઈને સોલા પોલીસ સ્ટેશનનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી અને સોલા પોલીસે કારચાલક મહિલા કિરણની ધરપકડ કરી છે. પૈસાદાર વર્ગના લોકો માટે રાહદારી લોકોના જીવની કોઈ કિંમત જ નથી રહી તેવું લાગી રહ્યું છે.

## હરસોલ ગામની પોસ્ટ ઓફીસમાંથી ૫૯ હજારની ચોરી કરી તસ્કરો પલાયન

તલોદ, તા. ૧૨

તલોદ તાલુકાના હરસોલ ગામે ગત મોડી રાત્રીના સુમારે પોસ્ટ ઓફીસની પાછળથી સળીયાવાળી બારણા તોડી પોસ્ટ ઓફિસમાં તસ્કરો ગુસી ગઈ તિજોરી ખોલી તોડીને ૩૪૫૧૦ રોકડા તથા ૨૪૫૯૨ ટીકીટો, રાષ્ટ્રીયકૃત બચતપત્રો, પોસ્ટલ ઓર્ડર મળી કુલ ૫૯૧૦૨ની ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. નજીકમાં જ પોલીસ પોઈન્ટ હોવા છતા સરકારી કચેરીઓ અસુરક્ષિત થતા હરસોલ પંથકમાં ચોરીનો ભય ફેલાયો હતો.

હરસોલ ગામની પોસ્ટ ઓફીસમાંથી ૩૪૫૧૦ રોકડા તથા ટીકીટો, રાષ્ટ્રીયકૃત બચતપત્રો અને પોસ્ટલ ઓર્ડર મળી કુલ ૨૪૫૯૨ નો મુદામાલ મળી ૫૯૧૦૨ ચોરી કરી તસ્કરો પલાયન થઈ ગયા હતા. પોસ્ટ કર્મચારી બાબુભાઈ હિરાભાઈ વણકરે તા. ૧૦-૫-૧૪ના રાત્રીએ થયેલ ચોરી અંગે તલોદ પોલીસમાં ફરીયાદ નોંધાવી હતી. સળીયાવાળી, બારી બારણા તોડી તિજોરી ખોલી રોકડ રકમ તથા પોસ્ટલ ઓર્ડર, ટિકીટો તથા રાષ્ટ્રીયકૃત બચતપત્રો તસ્કરો લઈ પલાયન થઈ ગયા હતા.

હરસોલ ગામની પોસ્ટ ઓફીસ નજીકમાં જ પોલીસ પોઈન્ટ ઊંઘતી રહી તસ્કરો ચોરી કરી પલાયન થતા હરસોલ પંથકમાં ચોરીનો ભય ફેલાયો હતો. ચોરોને જબ્બે કરવા સઘન પોલીસ પોઈન્ટ અને પેટ્રોલીંગની ઉગ્ર માગ કરતાં તલોદ પી.એસ.આઈ. શ્રીમતિ એન.જી. ગોહિલે ચોરીનો ભેદ ઉકેલવા આગળ તપાસ કરવાની કાર્યવાહી શરૂ કરી હતી.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૫૬૨૨૯૧

સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામ ● મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન